# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-03-2021** **Evening : 7.50 to 8.00**

**Day:- Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારત દરિયાઇ ક્ષેત્રમાં વૃદ્ધિ અને વિશ્વની અગ્રણી દરિયાઈ અર્થવ્યવસ્થા તરીકે આગળ વધવા માટે ખૂબ જ ગંભીર છે - 78 દીવાદાંડીને અડીને પર્યટન વિકાસ માટે એક કાર્યક્રમ બનાવવામાં આવ્યો છે.
- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ગૃહનિર્માણ લોનના વ્યાજ દરને ઘટાડીને 6.7 ટકા કર્યા.
- દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ દ્વારા સુગમ્ય ભારત એપ વિકસાવવામાં આવી.
- યુપીઆઈએ ગયા મહિનામાં 4 લાખ 25 હજાર કરોડ રૂપિયાની ચુકવણી દ્વારા અંદાજે સવા બે અબજ વ્યવહાર નોંધાવ્યા.
- રાજ્યસભા ટી.વી. અને લોકસભા ટી.વી.નું જોડાણ કરી સંસદ ટી.વી. કરવામાં આવ્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# પીએમ-મેરિ ટાઇમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત દરિયાઇ ક્ષેત્રમાં વૃદ્ધિ અને વિશ્વની અગ્રણી દરિયાઈ અર્થવ્યવસ્થા તરીકે આગળ વધવા માટે ખૂબ જ ગંભીર છે. ભારત આ ક્ષેત્રમાં કુદરતી રીતે અગ્રેસર છે એટલે સમુદ્રી અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે દેશ મોટી સફળતા હાંસલ કરશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સરકાર વિવિધ સુધારાઓ દ્વારા વૈશ્વિક કક્ષાનું મેરીટાઇમ માળખું બનાવવા પર ભાર આપે છે.

ત્રણ દિવસીય મેરીટાઇમ ઈન્ડિયા સમિટની બીજી આવૃત્તિનું આજે ઉદ્ઘાટન કરતી વખતે પ્રધાનમંત્રીએ કહ્યું કે, સમગ્ર ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરીને આત્મનિર્ભર ભારતની દ્રષ્ટિએ સરકારે બંદર ક્ષેત્રે રોકાણ વધારીને દરિયાઇ ક્ષેત્રના સુધારા માટે વિવિધ પગલાં લીધાં છે. દરિયાઇ ક્ષેત્રના મહત્વ પર પ્રકાશ પડતાં શ્રી મોદીએ જણાવ્યું કે, આ પગલાં દરિયાકાંઠાના આર્થિક ક્ષેત્ર સાથે બંદરોને જોડવા , બંદરો આધારિત શહેરોમાં સ્માર્ટ સિટી બનાવવા અને બંદરોની નજીક વૈશ્વિક ઉત્પાદન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના લક્ષ્યાંક છે.

તેમણે કહ્યું કે , સરકારે 31 અબજ ડોલરથી વધુ રોકાણ કરી શકાય તેવા 400 પ્રોજેક્ટની યાદી તૈયાર કરી છે. સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ અમલીકરણ માટે 82 અબજ ડોલરના 574 થી વધુ પ્રોજેક્ટની ઓળખ કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ટાપુ પ્રદેશોના માળખાગત સર્વાંગી વિકાસ શરૂ કરવામાં આવ્યા છે અને સરકાર મોટા બંદરો પર પુનઃપ્રાપ્ય ઉર્જાના ઉપયોગ પર ભાર મૂકે છે. છ વર્ષમાં મોટા બંદરોની ક્ષમતા બમણી થઈ છે. તો ભારતીય ઉત્પાદનોને વધુ સ્પર્ધાત્મક બનાવીને અર્થવ્યવસ્થાના વિકાસમાં મદદ મેળવી છે.

તેમણે જણાવ્યું કે, સરકાર 2030 સુધીમાં 23 જળમાર્ગોનું સંચાલન કરવાનું લક્ષ્ય ધરાવે છે અને ભારતીય બંદરો પર ઉતરતા કે નિકાસ થતા કાર્ગોની રાહ જોવાનો

સમય ઘટાડ્યો છે. **78** દીવાદાંડીને અડીને પર્યટન વિકાસ માટે એક કાર્યક્રમ પણ બનાવવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રીએ ભારતીય બંદરોમાં રોકાણ કરવા વિશ્વભરના ખાનગી ક્ષેત્રને આગળ આવવાનું આમંત્રણ આપ્યું છે. હાલ સરકાર ઘરેલું જહાજ બાંધકામ ઉદ્યોગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

અગાઉ, શ્રી મોદીએ મેરીટાઇમ ઇન્ડિયા વિઝન- **2030** નું ઇ-બુકનું વિમોચન કર્યું હતું. તેમણે સાગર મંથન મર્કેન્ટાઇલ મરીન ડોમેસ્ટિક સેન્ટર પણ શરૂ કર્યું, જે દરિયાઇ સલામતી, અને બચાવ ક્ષમતા તથા દરિયાઇ પર્યાવરણની સુરક્ષા વધારવા માટેની માહિતી સિસ્ટમ છે.

ડેનમાર્કના વાહન વ્યવહારમંત્રી બેની એન્ગલેબ્રેક્ટ , ગુજરાત અને આંધ્રપ્રદેશના મુખ્ય મંત્રીઓ, કેન્દ્રીયમંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન અને મનસુખ માંડવીયાએ પણ તેમાં ભાગ લીધો હતો.

# વિધાનસભા જાહેરનામું

પશ્ચિમ બંગાળ અને આસામ વિધાનસભાની 27મી માર્ચે યોજાનારી પહેલા તબક્કાની ચૂંટણી માટેના જાહેરનામા આજે બહાર પડયા છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની 5 જિલ્લાઓની 30 બેઠકો માટે પહેલા તબક્કામાં મતદાન થશે. આ તબક્કા માટે નવમી માર્ચ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. બીજા દિવસે તેની ચકાસણી થશે. ઉમેદવારીપત્રો બારમી માર્ચ સુધી પાછા ખેંચી શકાશે. બંગાળ વિધાનસભાની ચૂંટણી 8 તબક્કામાં યોજાવાની છે. એવી જ રીતે આસામ વિધાનસભાની 47 બેઠકોની ચૂંટણી પહેલા તબક્કામાં યોજાશે. આસામમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે.

# એસબીઆઇ- હાઉસિંગ લોન

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ગૃહ નિર્માણ લોનના વ્યાજ દરને ઘટાડીને 6 .7 ટકા કર્યા છે. બેંકે આજે કરેલી જાહેરાત અનુસાર 75 લાખ સુધીની લોન માટે 6.7 અને 75 લાખથી વધુની લોન ઉપર 6 .75 ટકા વ્યાજ લાગુ પડશે. વ્યાજ પરની આ છૂટછાટ લોનની રકમ અને ધિરાણ લેનારના સીબીલ સ્કોર પર આધારિત રહેશે.

આ ઓફર સમગ્ર માર્ચ માસ દરમિયાન એટલે કે 31 માર્ચ સુધી ઉપલબ્ધ રહેશે અને આ સમય ગાળામાં પ્રોસેસિંગ ફી ઉપર માફી પણ આપવામાં આવી છે. આ ઉપરાંત ગ્રાહકો યોનો એપ્લિકેશન દ્વારા ઓનલાઇન અરજી કરી શકે છે. તેમને 5 બેઝીસ પોઈન્ટની વધારાની વ્યાજની છૂટ આપવામાં આવશે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વસંધ્યાએ લોન લેનાર મહિલાઓને વધારાના 5 બેઝીસ પોઈન્ટની છૂટ આપવામાં આવી રહી છે.

# કોરોના અપીલ

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર કોરોના અંગેના આ સંદેશ બાદ....

## (કોવિડ ટ્યુન)

# સામાજિક ન્યાય- એપ્લિકેશન

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી થાવરચંદ ગેહલોતે આજે નવી દિલ્હીમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા સુગમ્ય ભારત એપ અને 'એક્સેસ - ધ ફોટો ડાયજેસ્ટ' નામની

એક પુસ્તિકા લોન્ચ કરી. એપ્લિકેશન અને હેન્ડબુક, દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ દ્વારા વિકસાવવામાં આવી છે.

શ્રી ગેહલોતે જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ એક મોબાઇલ એપ્લિકેશનની કલ્પના કરી હતી જેમાં દિવ્યાંગજંન અને અન્ય લોકો દ્વારા સાથે જોડાયેલા પ્રશ્નો માટે જન-ભાગીદરીથી જોડી શકાય. આ એપ્લિકેશન પાંચ મુખ્ય સુવિધાઓ પૂરી પાડે છે જેમાંથી ચાર પર્યાવરણ, વાહન વ્યવહાર અને માહિતી ટેક્નોલોજી ક્ષેત્રે ફરિયાદોની નોંધણી , પ્રતિભાવ અને લોકો દ્વારા જન-ભાગીદરી તરીકે સૂચવવામાં આવેલી બાબતોનો સમાવેશ થાય છે. એન્ડ્રોઇડ યુઝર્સ પ્લે સ્ટોર પરથી મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકે છે. આઈ ઓ એસ સંસ્કરણ 15 મી તારીખ સુધીમાં ઉપલબ્ધ થશે.

# યુપીઆઇ- ચુકવણીઓ

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇંટરફેસ અથવા યુપીઆઈએ ગયા મહિનામાં 4 લાખ 25 હજાર કરોડ રૂપિયાની ચુકવણી દ્વારા અંદાજે સવા બે અબજ વ્યવહાર નોંધાવ્યા છે. ભારતીય રાષ્ટ્રીય ચુકવણી નિગમ દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ , યુપીઆઈ ફેબ્રુઆરી મહિનાના 28 દિવસમાં પણ સરેરાશ વ્યવહાર મૂલ્યના સંદર્ભમાં પાછલો રેકોર્ડ જાળવી રાખવામાં સક્ષમ છે. ડિજિટલ પેમેન્ટ્સમાં ફોન પે ગુગલ પે કરતાં આગળ રહ્યું છે. તમામ બેંકોમાં યુપીઆઈ વ્યવહારમાં સ્ટેટ બેન્કે કામગીરીમાં નોંધપાત્ર સુધારો કર્યો છે.

# સંસદ- ટીવી

રાજ્યસભા ટીવી અને લોકસભા ટીવીને હવે એક કરી દેવામાં આવ્યું છે. ભારતીય સેવાના નિવૃત્ત અધિકારી રવિ કપૂરની સંસદ ટીવીના મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે નિમણૂંક કરાઇ છે. સંસદ ટીવી લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહીનું સીધું પ્રસારણ

બે અલગ-અલગ ચેનલ પર પ્રસારિત કરશે. બંન્ને ચેનલોને એક કરવા માટે રચાયેલી સમિતિના અહેવાલને આધારે રાજ્યસભાના સભાપતિ એમ. વૈંકૈયા નાયડુ અને લોકસભાના સભાપતિ ઓમ બિરલાએ સંયુક્તપણે આ નિર્ણય લીધો છે. સમિતિ દ્વારા દર્શકોને સંસદના કામકાજ અંગે અને વધુ જાણકારી આપવા અંગે નિતી ઘડવા પણ ભલામણ કરાઇ છે.

# ગુજરાત ચૂંટણી

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીની મત ગણતરી હજુ પૂરી થઈ નથી ત્યારે સત્તાવાર રીતે બહાર પડેલી રાજ્યકક્ષાની છેલ્લી માહિતી આ પ્રમાણે છે.

ભાજપને જિલ્લા પંચાયતમાં 771, તાલુકા પંચાયતમાં 3236 અને નગરપાલિકામાં 2027 બેઠક મળી છે.

જ્યારે કોંગ્રેસને જિલ્લા પંચાયતમાં 162 , તાલુકા પંચાયતમાં 1201 અને નગરપાલિકામાં 375 બેઠક મળી છે.

અપક્ષને જિલ્લા પંચાયતમાં ત્રણ, તાલુકા પંચાયતમાં 112 અને નગરપાલિકામાં 168 બેઠક મળી છે.

આમ આદમી પાર્ટીને જિલ્લા પંચાયતમાં બે, તાલુકા પંચાયતમાં 31 અને નગરપાલિકામાં 9 બેઠક મળી છે. જ્યારે બહુજન સમાજ પાર્ટીને જિલ્લા પંચાયતમાં એક, તાલુકા પંચાયતમાં ચાર અને નગરપાલિકામાં 6 બેઠક મળી છે.

જ્યારે અન્ય વિજેતાઓને ફાળે ગયેલી બેઠકની સંખ્યા જોઈએ તો જિલ્લા પંચાયતમાં ચાર , તાલુકા પંચાયતમાં 16 અને નગરપાલિકા માં 24 બેઠક તેમના ફાળે ગઈ છે.

# પ્રધાનમંત્રી પ્રતિભાવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપની જોરદાર જીત બદલ મતદારોનો આભાર માન્યો છે. પોતાના ટ્વિટમાં શ્રી મોદીએ કહ્યું છે કે, ગુજરાતભરની નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામોએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ભાજપના વિકાસ અને સુશાસનના એજન્ડાનું દ્રઢતાપૂર્વક સમર્થન ગુજરાત કરે છે.

ગૃહમંત્રી અમિત શાહે પણ ભાજપને બહુ મોટી જીત આપવા બદલ ગુજરાતના મતદારોનો આભાર માનતું ટ્વીટ કરતાં કહ્યું છે કે , પ્રધાનમંત્રી મોદીના વિકાસને સમર્પિત નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કરવા લોકોએ ભાજપને જીત આપી છે.

# સાંસદ નિધન

મધ્યપ્રદેશના ખંડેવાના ભારતીય જનતા પાર્ટીના સાંસદ નંદકુમાર ચૌહાણનું ગઇકાલે દિલ્હીની એક ખાનગી હોસ્પિટલમાં અવસાન થયું છે. તેમની કોવિડની સારવાર ચાલી રહી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી ચૌહાણના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે. પ્રધાનમંત્રીએ એક ટ્વીટ સંદેશમાં જણાવ્યું છે કે, શ્રી ચૌહાણ સંસદીય પ્રણાલીમાં પોતાના યોગદાન માટે હંમેશા યાદ રહેશે.